**PERLIMINARY EXAM – 2019**

**Std : 10th Sub : Gujarati**

**(Answer key)** **Marks : 50**

**[ વિભાગ – A (MCQ) ]**

(1) (A) ગગન
(2) (C) સત્‌ની
(3) (C) વરસાદનું આગમન થાય છે માટે
(4) (A) લાવો તમારો હાથ મેળવીએ
(5) (B) કયાં રે વાગી
(6) (D) સ્નેહી પરમાર
(7) (B) દીવાનખાનામાં
(8) (D) મુક્તક
(9) (B) ઘમંડ
(10) (B) જીવન નૈયા હાલક ડોલક થાય ત્યારે શ્રધ્ધાંનો દીપક બળતો રાખજે.
(11) (A) કારપેટ
(12) (A) ગુપ્ત રીતે દાન આપ્યું હોય
(13) (C) તે ખૂબ હોશિયાર હોય
(14) (C) તરત જ
(15) (D) સ્વજન
(16) (B) પુત્રી વિયોગના દુઃખમાં
(17) (B) મુંબઈ
(18) (C) ડેરી એન્જિનિયરીંગના
(19) (B) સૂરજ તો બધે જ સરખો
(20) (A) મોજમજામાળું ને વૈભવશાળી જીવન જીવતા હશે
(21) (B) ત્રિભુવનદાસને
(22) (A) રાજકોટ
(23) (D) કૃષ્ણલાલ શ્રીધરાણી
(24) (C) જેઠીબાઈ
(25) (B) " માળીને કહેવું પડશે,એને ઉપાડીને ફેંકસ દેશે "
(26) (A) માંડવીમાં
(27) (B) દસ વર્ષ
(28) (B) મૂઢ
(29) (C) કાશ્મીરી ગાલીચો
(30) (A) ચાર દાયકાઓ સુધી

(31) (B) દહી
(32) (C) હર
(33) (A) સુરી
(34) (B) અપયશ
(35) (B) દેવ
(36) (C) પ્રતિજ્ઞા
(37) (A) વિદ્યા + અર્થી
(38) (A) ઘરજમાઈ
(39) (D) શરમ અનુભવવી
(40) (D) હાથીના દાંત દેખાડવાના જુદાને ચાવવાના જુદા
(41) (D) પોલીસે ચોરને પકડયો
(42) (C) માત્રાસૂચક
(43) (A) નખરાળું
(44) (A) મેં કહયું , " એ વૃક્ષતો કપાઈ ગયું છે !"
(45) (C) બે
(46) (B) રસોઈ ન બનાવી
(47) (B) સખી
(48) (A) ખાલી ખોરડું
(49) (B) કયારામાં છોડ પાંગરે એમ
(50) (C) માતા વિનાનું ઘર

**[ વિભાગ – B ]** **Marks : 50**

**(8)**

Ans.1) અમૂલ ડેરીના સ્થાપક ત્રિભુવનદાસ પટેલ સ્વપ્નદષ્ટાં હતા, તે ' અમૂલ બ્રાન્ડ' સ્વરૂપે વિશ્વાના નકશા પર તેને પ્રસ્થાપિત કરનાર ડૉ. વર્ગીસ કુરિયન સ્વપ્નશિલ્પી હતા. ત્રિભુવનદાસ પટેલની સાથે કામ કરીને એમણે ડેરીનો ખૂબ વિકાસ કર્યો. ખેડૂતોને દુધના વિકાસમાં દલાલોથી મુકત કર્યા. તેમણે ગુજરાતમાં જ નહી ,પરંતુ ભારતમાં ઘણાં બધાં રાજયોમાં દૂધ એકત્રીકરણની યોજના શરૂ કરી. ભારતમાં ભેસોંની સંખ્યા સવિશેષ હોવાથી કુરિયને ભેંસના દૂધમાંથી પણ ગુણવત્તાયુકત દૂધનો પાવડર બની શકે તેવા સંકલ્પથી પાવડર બનાવવાનું એકમ શરૂ કર્યુ અને સફળતા મેળવી. તેમણે ડેરી ઉર્દ્યોગની સહકારી મંડળી મારફતે ભારતના ખેડૂતોનું સશકિતકરણ અને સંગઠન કર્યું. ભારત સરકારની વિનંતી માન્ય રાખીને કુરિયને અન્યના સહકારથી ' નેશનલ ડેરી ડેવલપમેન્ટ ' (એન.ડી.ડી.બી.) ની સ્થાપના કરી. આમ, સહકારી ક્ષેત્રે ક્રાંતિ લાવવા કુરિયને ૩૩ વર્ષ સુધી ચેરમેને તરીકે સેવાઓ આપી.

Ans.2) રંગાટ અને વણાટકામનું કારખાનું દીવ બંદરે ઊભું કરનાર જેઠીબાઈનું વતન કચ્છ–માંડવી હતું. દીવ બંદરેથી એમના કારખાનાનો પુષ્કળ માલ પરદેશ જતો હતો અને વેચાતો. ઉચ્ચ કક્ષાની રંગાટકળાને લીધે એમના કારખાનાનો ખૂબ વિકાસ થયો હતો. મરણપથારીએ પડેલા કાનજીએ એના દીકરાની ચિંતા કાળજાને કોરી ખાતી હતી.જેઠીબાઈને કાનજીના અંતરના ઉત્પાતને શમાવી દીધો. કાનજીનું મૃત્યુ થતાં સમયસૂચકતા વાપરીને જેઠીબાઈએ કાનજીના મૃત્યુની વાત પર પડદો પાડી દીધો. એ જ રાત્રે કાનજીના પુત્ર પમાનાં એક બીજા કામદારની પુત્રી સાથે લગ્ન કરાવી દીધાં. પછી પોલીસપાર્ટીને સાથે લઈને આવેલા પાદરીઓનો એક વીરાંગના બની સામનો કર્યો કે કાનાનો પુત્ર નિરાધાર નથી, તે તો કયારનોય પરણી બેઠો છે. જેઠીબાઈનું રણચંડી જેવું રૂપ જોઈ સૌ પાછા ફર્યા.

જેઠીબાઈએ પોર્ટુગીઝ સરકારનો જુલમી કાયદો રદ કરાવવા તેના જુલમની કહાણી પોર્ટુગીઝ ભાષામાં હૃદયદ્રાવક શબ્દોમાં લખાવીને તૈયાર કરાવી. તેને મોટી રેશમી ઓઢણી પર મોટા અક્ષરોમાં છપાવી. તેઓ પોર્ટુગલ ગયાં , પોર્ટુગલ ગયાં, પોર્ટુગલની રાણી ડોન લ્યૂઝાને મળ્યાં, હૃદય ખોલીને બધી હકીકત રજૂ કરી અને ભારતીય કળાની ઓઢણી રાણીને ભેટ કરી. રાણીએ અરજી વાંચી. એમણે જેઠીબાઈને કલામય કૃતિ અને હિંમત માટે ધન્યવાદ આપ્યા. અને પોર્ટુગીઝ સત્તાનો જુલમી કાયદો પોતાના ખાસ ફરમાનથી રદ કરાવ્યો.તે દિવસથી જેઠીબાઈની ઓઢણી – 'પાન – દ – જેઠી' નું ના વિખ્યાત બની ગયું.

કચ્છ – માંડવીનાં એક અભણ જેઠીબાઈ એક અદ્ભુત કાર્ય કરીને અમર બની ગયાં.

**અથવા**

Ans.2) રમા નાના ભાઈ કાન્તિની પત્ની હતી. પરણ્યા પછી બીજા જ વર્ષે કાન્તિ અને રમા ગામડું છોડીને અમદાવાદ ગયાં હતાં. કાન્તિને એ વખતે મિલમાં નોકરી હતી. કાન્તિ દર મહિને બાને પૈસા મોકલતો હતો. એની એ ફરજ હતી. પછી મીલની નોકરી છૂટી ગઈ અને એનું બા સાથેથી મન પણ છૈટી ગયું, કારણ કે રમાએ એને વાળી લીધો હતો.

રમાનો હિસાબ અટપટો હતો. એ કહેતી કે આપણે પૈસા મોકલ્યા એટલે જ ડોશી મૂડી કરી શકયાં, નહિ તો એમની પાસે શું હતું ? આપણે જે પૈસા મોકલ્યા એમાં ડોશી ઘર ચલાવતાં હશે અને પોતાની કમાણીનું બધું

બચાવતાં હશે. મોટાભાઈ તો એકેય પૈસો રડ્યો નથી. રમાનાં વેણ કાન્તિને સાચાં લાગ્યા અને તેને બાને પૈસા મોકલવાનું બંધ કરી દીધું. બા પણ સ્વમાની હતા. એમણે પણ કહી દીધું કે તારો પૈસો મારે આજથી હરામ છે. રમા ડોશીની દરેક બાબતે અનર્થ કરી ઈર્ષ્યા કરે છે. તે કહે છે કે ડોશી મને વાંઝણી કહે છે. ડોશી કપટી છે તેથી ઘરની બધી ઘરવખરી મોટાભાઈને સોંપી દીધી. રમાએ મોટાભાઈ સાથે ઝઘડો કર્યો અને સંભળાવી દીધું કે બહું દાઝતું હોય તો માને કાવડમાં લઈને જાત્રા કરાવો. આમ, રમાને પાર્વતી બા અને મોટાભાઈ માટે ખૂબ ઈર્ષા હતી.

(8)

Ans.3) સાયંફેરીનાં ગીતમાં બે પ્રકારની ધજાની વાત થયેલી છે. પ્રથમ છે ' ધર્મ–ધજા' અને બીજી છે 'કર્મ–ધજા'

Ans.4) તાજમહેલ વિશે લેખક જણાવે છે કે, તેમણે તાજમહેલ અંદરથી જોયો જ નથી. પત્નીના મૃત્યુ પછી તેની યાદમાં લાખો રૂપિયા ખર્ચી તાજમહેલ બંધાવ્યો, તેનાં કરતાં બીજો કોઈ સમજુ માણસ હોય તો, આખું આગ્રા શહેર જમાડે અથવા " તાજમહેલ" જેવી કોઈ મોટી ભવ્ય હોટેલ બાંધે.

તાજમહેલની વાત આવતાં જ લેખક તાજમહેલ વિશે, તેની સુંદરતા વિશે વાત કરવાની જગ્યાએ તાજમહેલથી થોડે દૂર મળતા સ્વાદિષ્ટ દાળવડાંની વાત કરવા માંડે છે.

Ans.5) દુષ્ટ યવનનો સ્પર્શ થયો હોવાથી ભદ્રંભદ્રએ સ્ટેશન પર જ સ્નાન કરી લીધું. સ્નાન કર્યા પછી ગાડીમાં બેઠા તે સમયે ગાડીને ઉપડવાને 15 મિનિટની વાર હતી. ભદ્રંભદ્ર ફરી વાર ગાડીમાંથી ઊતર્યા.

Ans.6) બલાઈ શીમળાના વૃક્ષમાં થોડું થોડું રોજ પાણી પાતો ને સવાર–સાંજ કેટલો વધ્યો તેની વ્યાકુળ બની તપાસ કરતો. છોડ જયારે બે હાથ ઊંચો થયો ત્યારે તેની પર્ણ સમૃદ્ધિ જોઈ તો તે વિચારવા લાગ્યો કે આ કોઈ અદ્‌ભુત વૃક્ષ છે.

**અથવા**

Ans.6) સામાન્ય રીતે ભારત દેશના લોકો હોટેલમાં જાય ત્યારે વધારે ભોજન મંગાવે છે, તેનાં મુખ્ય કારણમાં પોતાના ખોટા વૈભવનું / પ્રતિષ્ઠાનું પ્રદર્શન કરવાની વૃતિ તેમજ એક એવો વિચાર કે જે મંગાવે છે તેના માટે તે પૈસા ચૂકવે છે, તેથી તે કાંઈ ખોટું નથી કરતાં. પ્રસ્તુત પાઠમાં આ બને વિચારસરણી ખોટી છે, તે સમજાવ્યું છે.

Ans.7) વિનોદભટ્ટ (04)

Ans.8) કાકા, કાકી, બલાઈ

Ans.9) જેઠીબાઈ

Ans.10) ઝબકજયોત,દીપકની માતા મેનાબેન બોલે છે.

## (વિભાગ – B )

(04)

Ans.11) ' હાથ મેળવીએ ' ઊર્મિકાવ્યમાં કવિશ્રી નિરંજન ભગતે હાથને હૃદયભાવના પ્રતીક તરીકે પ્રયોજયો છે. કવિ હાથ લંબાવીને અજાણ્યાને કહે છે કે ખાલી હાથ મેળવીએ માત્ર ખાલી હાથ. એમ કહીને હૃદય સુધી પહોંચવાની વાત કરે છે. આમ તો માત્ર ખાલી હાથ મેળવવાની વાત કરે છે. પરંતુ એ ખાલી હાથમાં કેટકેટલું રહેલું છે. આ આપણા ખાલી હાથમાં કશું જ નથી એવું નથી. આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો છે. ઉષ્મા દ્વારા આપણે

એકબીજાના હૃદય સુધી પહોંચી શકીશું. એકબીજાને પામી શકીશું. એ ખાલી હાથમાં હૈયાનો થડકાર રહેલો છે. એકબીજા પ્રત્યે ભાવ કેળવાય એમાં કવિને રસ છે. હાથ મેળવવા પાછળ કવિનો કોઈ જ સ્વાર્થ રહેલો નથી. માત્ર ને માત્ર ખાલી હાથ મેળવીને એકબીજાના હૃદય સુધી પહોંચવાનો કવિનો આશય પ્રગટ થાય છે. આદર્શ ભાવના કવિમાં રહેલી છે. જેને કવિ વ્યક્ત કરવા માંગે છે. હૃદયના ભાવોને ભેળવવાની વાત આ ઊર્મિકાવ્યમાં પ્રગટ કરવામાં આવી છે.

**અથવા**

Ans.11) ' તે બેસે અહીં' ગઝલમાં સ્નેહી પરમારે સભામાં એટલે કે માનભર્યા સ્થાનમાં બેસવાની લાયકાત શેમાંથી મળે છે તેનું સુંદર વર્ણન કર્યુ છે. બીજાને માટે સંવેદના ,મોટા સ્થાન પર પહોંચીએ ત્યારે પણ પોતાની લાયકાત વિશે સજાગ થઈ જાતને પૂછવું અને યોગ્યતા ન લાગે તો સભામાંથી ઊઠી જવું એનાં નિદાલસ ચિત્રો છેલ્લા બે શેરમાં કવિએ રજૂ કર્યા છે. કોઈનું આસું લૂછયું હોય , બીજાનું દુઃખ જોઈને દુઃખ થયું હોય, પોતાનો સૂર્ય મધ્યાહ્નને તપતો હોય એટલે પોતાની પ્રગતિ ઉત્તરોત્તર વધતી જ જતી હોય છતાં વિવેકી બનીને જીવતાં હોય તો જ સભામાં બેસી શકાય.આવી બધી લાયકાતો મારામાં છે? એવું પોતાની જાતને પૂછયું હોય, આત્મ નિરીક્ષણ જેમણે કર્યું હોય તો જ સભામાં – યોગ્ય સ્થાને બિરાજી શકે. એ વાત ત્રીજા શેરમાં કરવામાં આવી છે.

પોતાની યોગ્યતા વિશે પૂછયું હોય , આત્મ નિરીક્ષણ કર્યુ હોય અને પછી પોતુ સભાને સ્થાને યોગ્ય નથી એવું જાણતા જ એ જ ક્ષણે ત્યાંથી ઊભા થઈ જવાની જે તૈયારી બતાવે, વિવેક– વિનય બતાવે તે વિનયી વ્યકિત જ માનભર્યું સ્થાન પામી શકે. પોતો લાયક નથી એવું જાણતા એ સ્થાન છોડવા તૈયાર થાય એવા વિનયી વ્યકિત જ સભામાં બેસી શકે. એ જ વ્યકિત ઉચ્ચ સ્થાનને લાયક હોય છે. એવું ચોથા શેરમાં વ્યકત કરવામાં આવ્યું છે.

(06)

Ans.12) નાયિકા દીવાનખાનામાં સોફા અને લેમ્પને નવી જગ્યાએ સ્થાન આપે છે. બારીના પડદા બદલી કાઢે છે. જૂના ગાલીચાની જગ્યાએ wall to wall કારપેટ નખાવે છે. જેથી નાયિકા સરખી રીતે બેસી શકે.

Ans.13) વરસાદ વરસવાની પ્રકૃતિમાં નવસંચાર થઈ જાય છે. વરસાદ પડવાથી બધાં જીવોમાં જીવમાં જીવ આવી જાય છે. વરસાદના ફોરાં પડવાથી વંટોળાતી પવન–ડમરી ઠરીઠામ થઈ જાય છે, હાંકી ગયેલાં પક્ષીઓ આનંદમાં આવી જાય છે, વૃક્ષોનાં પાંદડાઓમાં જોમ આવી જાય છે.તાપમાં રાફડાઓમાં ખદબદી રહેલી કીડીઓ આનંદભેર વૃક્ષના થડે ચઢવા લણે છે, ધરતીનું રૂપ ફૂટું ફૂટું થઈ જાય છે, વગડો પક્ષીઓના ટહુકાથી ભરાઈ જાય છે. આમ, વરસાદ વરસવાથી પ્રકૃતિ ઉપર નવસંચારની અસર થઈ જાય છે.

Ans.14) મોરલી કાવ્યમાં કૃષ્ણ દધિના દાણ માંગે છે. વૃંદાવનની કુંજગલીમાં ગોપીઓ સાથે રાસ રચાયો છે. ગોપીઓ શ્રીકૃષ્ણ સાથે રાસ મંડળમાં બિરાજે છે. શ્રીકૃષ્ણ થનક–થનક થૈ નાચે છે.

**અથવા**

Ans.14) ' જીવન અંજલિ થાજો ' કાવ્યમાં કવિ કરસનદાસ માણેક દીનદુઃખિયાના આંસુ લૂછવાની વાત કરે છે. કવિ જણાવે છે કે ગરીબ અને દુઃખી લોકોના આસું લૂછતાં અંતર કદી ધરાવું નો જોઈએ.

(05)

Ans.15) યદા તદા ગઝલ

Ans.16) દીવાનખાનામાં કાવ્યના રચયિતા પન્ના નાયક છે.

Ans.17) હાઈકુ 17 અક્ષરોની 5-7-5 ત્રણ પંકિતઓમાં વહેંચાયેલો હોય છે.

Ans.18) લઘુકાવ્યોમાં ત્રણ પ્રકાર આપવામાં આવ્યા છે.
(૧) દુહા (૨) મુકતક (૩) હાઈકુ

Ans.19) જીવમાં જીવ આવ્યો.

## (વિભાગ – C )

(04)

Ans.20) આરામ : સમયનો સદુપયોગ
આળસના બે પ્રકાર છે. ૧) એદીપણું અને ૨) આરામ
એદીપણામાં સમયનો દુરુપયોગ છે. જયારે આરામમાં સમયનો સદુપયોગ છે. આરામમાં તો રોજિંદી ધંધાકીય પ્રવૃત્તિઓ કરતાં તદ્દન ભિન્ન પ્રવૃતિઓ કરી શકાય છે. જેમ કે મંનોરંજન પ્રવાસ ધ્વારા , મિત્રો કે કુટુંબ કબીલા સાથે રહી સમયનો સદુપયોગ કરી શકાય છે.

**અથવા**

Ans.20) અર્થ :– લીમડો સ્વાોદમાં કડવો હોય છે પણ તેનો છાંયડો શીતળતા આપે છે. બાંધવ જોડે અબોલા હોય તો પણ મુશ્કેલીના સમયે તેજ સાથ આપે છે.
સમજૂતી :– અહીં કડવા લીમડાના મીઠા ગુણની વાત કરવામાં આવી છે. ઊનાળાની અસહય ગરમીમાં લીમડો શીતળતા આપે છે. એટલું જ નહિ પણ લીમડાનો રસ કડવો હોવા છતાં તે શરીર માટે ગુણકારી હોય છે. જે આપણા આરોગ્યને સુધારે છે. તેવી જ રીતે કદાચ આપણો ભાઈ આપણી સાથે બોલતો ન હોય, ભાઈની સાથેના સબંધો જાણે તૂટી ગયા હોય તેવું આપણે માનીએ છીએ. પરંતુ જયારે આપણે મુશ્કેલીમાં હોઈએ તો તે વખતે અબોલા લીધેલ ભાઈ જ મદદે આવે છે. બાકી બીજા તો ફકત તમાશો જ જુએ છે. એક લોહીના સબંધ જ જીવ બાળે છે.
સંજોગોવસાત્ ભાઈની સાથે અબોલા હોય એક બીજાની સામે દુશ્મની હોય પરંતુ જયારે વિપત આવી પડે છે કે બીજા કોઈની સાથે બોલાચાલી થાય છે ત્યારે ભાઈ જ પડખે ઉભો રહી હામ ભીડે છે. વિપત્તિના સમયે પારકા નહિ પોતાના જ મદદરૂપ બને છે. જેની સાથે લોહીના સબંધો હોય તેને તમારા ઉપર લાગણી હોય છે પારકાને નહિ.
સારાંશ :– સમય આવે પારકા નહિ પણ પોતાના જ કામ લાગે છે, કડવા લીમડાના ગુણ મીઠા હોય તેમ ભાઈ ભલે કડવાં લાગતા હોય પણ આપણું તો ભલું ઈચ્છે છે.

(04)

Ans.21) પુસ્તક મેળાનો અહેવાલ લેખન.

તા.14/01/2019

સ્થળ : આણંદ

તા.૧૪/૦૧/૨૦૧૯ ના રોજ અમારી શાળા સરદાર પટેલમાં પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારી શાળાનો પ્રાર્થના ખૂબ જ વિશાળ છે ત્યાં મોટા મોટા ટેબલો ગોઠવીને તેની ઉપર પુસ્તકો મૂકવામાં આવ્યાં હતાં. આ પુસ્તકો દરેકને 20 % ડિસ્કાઉન્ટથી આપવામાં આવ્યા હતા.

આ પુસ્તક મેળામાં જુદી જુદી નલકથાઓ, નાટકો, નવલિકાઓ, જીવનચરિત્રો, આત્મકથાઓ તેમજ બાળવાર્તાઓ અને રેસીપી બુકનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. સમસ્ત શહેરના લોકોને પણ આ પુસ્તક મેળામાં ભાગ લેવા આમત્રંણ આપવામાં આવ્યું હતું અને તેથી પુસ્તકનાં રસિયાઓ ઉમટી પડયાં હતાં અને પોતાને જરૂરી તથા પોતાને જેમાં રસ હતો તેવાં પુસ્તકો લોકો ખરીદતાં હતાં. પુસ્તકોનાં વેચાણ પરથી ગામના લોકોનો વાંચન પ્રેમ સમજાતો હતો. શહેરના લોકો તો આવો મેળો યોજવા બદલ અમારી શાળાનો આભાર માનતા હતાં. પુસ્તક મેળાનો સમય સવારના ૯ થી સાંજના ૬ કલાક સુધી રાખવામાં આવ્યો ને આ સમય દરમિયાન સારા એવા પુસ્તકોનું વેચાણ થયું હતું તે ખરેખર અનંદની વાત છે.

**અથવા**

વાર્તાલેખન – વાર્તાના મુદ્દા પ્રમાણે વાર્તાની રજૂઆત હોવી જોઈએ.વ્યાકરણની દષ્ટિએ ભાષાશુધ્ધિ પ્રમાણે ગુણ રહેશે.

## (વિભાગ – D )

(07)

નિબંધ લેખન – નિબંધમાં મુદ્દા પ્રમાણે, નિબંધની રજૂઆત વ્યાકરણ તેમજ ભાષાશુધ્ધિ પ્રમાણે નિબંધના ગુણ આપવાના રહેશે.